ઉછેરવા ૧૯૮૨-૮૩ થી પ્રોત્સાહિત કરેલ છે. આ રોપાઓ લાભાર્થી પોતે વેચી શકે છે. અને ન વેચાય તો વન વિભાગ દ્વારા નિયત દરે ખરીદવામાં આવે છે જે વન મહોત્સવ દરમ્યાન વિતરણ કરવામાં આવે છે.

૩) **ફળાઉ વૃક્ષ વાવેતર :** સને ૧૯૯૯-૨૦૦૦ થી આ યોજનાનો અમલ કરવામાં આવેલ છે. જેમાં રાજયમાં આવેલ અનુસુચિત જાતિના કુટુંબોને બે કલમી ફળાઉ વૃક્ષોના રોપાઓ વિના મુલ્યે આપવાની જોગવાઈ છે આ રોપાઓ લાભાર્થી તેઓના ઘરના આંગણામાં અથવા વાડામાં પણ વાવી શકે છે અને માવજતની જવાબદારી તેઓની રહેશે. વૃક્ષોની માલિકીનો હક્ક તેઓનો રહેશે તથા ઉત્પન્ન થતા ફળો પણ તેઓ પોતાની રીતે નિકાલ કરી શકશે.

૪) **મોડેલ-ઈ પર્યાવરણ વાવેતર :** ખાસ અંગભૂત યોજના હેઠળ શહેરની નજીકમાં પ્રદૂષણ નિવારણ માટે મોડેલ ઈ પર્યાવરણ વાવેતર અને મોડેલ ઈ પર્યાવરણ વાવેતર આશ્રમશાળા હેઠળ વાવેતર કરવામાં આવે છે.

૫) **ધીમી ગતિથી ઉગતા વૃક્ષોનું વાવેતર :** વર્ષ ૨૦૧૩-૧૪ થી ધીમી ગતિથી ઉગતા વૃક્ષોનું વાવેતર અનુસૂચિત જાતિના લોકોની જમીનમાં કરવાનું મોડલ તૈયાર કરવામાં આવેલ છે. ધીમી ગતિથી ઉગતા વૃક્ષો જેવા કે, આંબા રાયણ, ખાટી આંબલી જેવા વૃક્ષોનું વાવેતર લોકોની જમીનમાં કરી આપવામાં આવે છે. આમાં લોકો દ્વારા દસ વૃક્ષોએ એક યુનિટ મુજબ વાવેતર કરવામાં આવે છે.

૬) **આશ્રમ શાળાના પટાંગણમાં વનીકરણઃ** જ્યાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોય તેવી આશ્રમ શાળાઓના પટાંગણમાં વનીકરણ.

૭) **વન કુટીરઃ** જે ગામમાં અનુસૂચિત જાતિની વસ્તી ૧૦૦૦ થી કે તેથી વધુ હોય તેવા ગામોમાં ગામદીઠ એક વન કુટીર.

૮) **સુધારેલ સ્મશાન સગડીઃ** અનુસૂચિત જાતિની વસ્તી ૨૫૦ કે તેથી વધુ હોય તેવા ગામોમાં ગામ દીઠ એક સગડી.

૯) **સોલાર કુકરઃ** અનુસૂચિત જાતિના લોકોને કુટુંબ દીઠ એક સોલાર કુકર.

૧૦) **સોલાર ફાનસઃ** અનુસૂચિત જાતિના લોકોને કુટુંબ દીઠ એક સોલાર ફાનસ.

૧૧) **મ્યુઝીકલ ઈન્સ્ટુમેન્ટઃ** અનુસૂચિત જાતિના લોકોની વસ્તી ધરાવતા ગામદીઠ એક સેટ.

૧૨) **ટ્રી ગાર્ડ સાથે ફળાઉ કલમ વિતરણઃ** અનુસૂચિત જાતિના લોકોને ઈન્દીરા આવાસ યોજનામાં લાભાર્થી દીઠ બે કલમી રોપા ટ્રી ગાર્ડ સાથે.

૧૩) **મેડિકલ કેમ્પ્સઃ** અનુસૂચિત જાતિના વસ્તી ધરાવતાં ગામમાં મેડિકલ કેમ્પ્સનું આયોજન.

૧૪) **કોમ્યુનિટી કૂકીંગ ઈકવીપમેન્ટઃ** અનુસૂચિત જાતિના લોકોની વસ્તી ધરાવતા ગામ દીઠ એક કોમ્યુનિટી કૂકીંગ ઈકવીપમેન્ટ.

૧૫) **નિર્ધુમ ચુલાઃ** અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કુટુંબ દીઠ એક નિર્ધુમ ચુલો.

### ***૧૦. વન મહોત્સવ યોજના***

આ યોજનામાં વન વિભાગની ખાતાકીય નર્સરીઓમા નાની થેલી (૧૦×૨૦ સે.મી.) અને મોટી થેલી (૧૫×૨૫ સે.મી.) માં નીલગીરી, વાંસ, ફળાઉ તથા ઈતર જાતના રોપાઓ ઉછેરવામા આવે છે. જે ચોમાસા દરમ્યાન વિતરણ કરવામાં આવે છે. આ રોપાઓમાં નાની થેલીના રોપાદીઠ ૭૫ પૈસા અને મોટી થેલીના રોપાદીઠ ૧.૦૦ રૂપિયા લેખે વેચાણ કરવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના નાના અને સિમાંત ખેડૂતોને આ અંગેનું પ્રમાણપત્ર રજુ કર્યેથી વ્યક્તિગત ૨૦૦ રોપાની મર્યાદામાં રોપાદીઠ ૧૦ પૈસા લેખે વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત રજીસ્ટર્ડ મંડળો અને સ્વૈચ્છિક સંસ્થાઓને વધુમાં વધુ ૫૦૦૦ રોપાની મર્યાદામાં રોપાદીઠ ૨૦ પૈસા લેખે વેચાણ કરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થા અને ગ્રામપંચાયતોને અનુક્રમે ૨૫૦૦ અને ૫૦૦૦ ની મર્યાદામાં રોપાઓ વિનામુલ્યે જીલ્લાના નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ વિભાગને અરજી આપ્યેથી ફાળવણી કરવામાં આવે છે.

### ***૧૧. બાયોગેસ/સોલર કુકર વિતરણ યોજના***

વ્યક્તિગત લાભાર્થીને બાયોગેસ તેમજ સોલર કુકરનું વિતરણ કરી બળતણ બચાવી જંગલ પરની જરૂરીયાત ઘટાડવાની યોજના સને ૧૯૯૮-૯૯ ના વર્ષથી વન ખાતા દ્વારા અમલમાં મુકવામા આવેલ છે. આ યોજના હેઠળ ૫૦ % સબસીડીના ધોરણે વ્યક્તિગત લાભાર્થીને બાયોગેસ તેમજ સોલર કુકરની ફાળવણી કરી આપવામાં આવે છે.

### ***૧૨. સુધારેલ સ્મશાન સગડી***

બળતણનો બચાવ થાય તે માટે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા પંચાયતની માંગણી અનુસાર વિના મુલ્યે સ્મશાન સગડી આપવામાં આવે છે. જેની જાળવણી અને દેખરેખની જવાબદારી જે તે પંચાયતે નિભાવવાની હોય છે. આ સગડીના ઉપયોગથી ૩૫ ટકા લાકડાની બચત થાય છે. અરજી તાલુકા કક્ષાના અધિકારીને કરવાની રહેશે.

**પ્રકાશન અને સંપર્ક વિભાગ,**
**"વન સંશોધન સંકુલ", 'જ' રોડ, સેકટર-૨૦, ગાંધીનગર.**
**ફોન નં. (૦૭૯) ૨૩૨૫૯૯૧૫, ફેક્સ નં. (૦૭૯)૨૩૨૫૬૬૦૩**
**વન વિભાગ, ગુજરાત રાજ્ય**



# સામાજિક વનીકરણ કાર્યક્રમ અંતર્ગત હાલના તબક્કે અમલીકરણ હેઠળની વિવિધ યોજનાઓ



## વર્ષ - ૨૦૧૪

## વન વિભાગ, ગુજરાત રાજ્ય

## સામાજિક વનીકરણ કાર્યક્રમ અંતર્ગત હાલના તબક્કે અમલીકરણ હેઠળની વિવિધ યોજનાઓ

### **૧. રસ્તા, નહેરકાંઠા અને રેલ્વે બાજુની પટ્ટીઓમાં વૃક્ષ વાવેતર**

રસ્તા, નહેરકાંઠા અને રેલ્વેની બન્ને બાજુની પટ્ટીઓ કે જે બિન વપરાશી પડી રહેતી હતી તેમાં વૃક્ષ ઉછેર કરવામાં આવે છે. આ વિસ્તારમાં જે ઘાસ થાય છે તે આજુબાજુના ગામ લોકોને વાવેતરને નુકશાન ન થાય તે રીતે કાપી વિનામૂલ્યે લઈ જવા દેવામાં આવે છે. વૃક્ષો મોટા થતા તેમાંથી મળતા ફાયદા, જેવા કે, ઈમારતી લાકડા, બળતણ, ચારો વિગેરે પેદાશ મળે છે. આ પ્રકારના વનીકરણથી રસ્તા, નહેરકાંઠા અને રેલ્વે બાજુના વિસ્તારો સુશોભિત અને રળીયામણા બન્યા છે. આ ઉપરાંત તેની બન્ને બાજુના ખેતરને પવનથી તથા જમીનના ઉડવા સામે રક્ષણ મળે છે. વાવેતર પરિપક્વ થયે ખાતા રાહે કાપણી કરી મળતી રકમ જોગવાઈઓ મુજબ સંબંધત તાલુકા પંચાયતો ને વિકાસના કામો માટે આપી શકાય છે.



સને ૨૦૧૦-૧૧ થી આ મોડલને સ્ટ્રીપ પ્લાન્ટેશન મોડલ-S. નામ આપવામાં આવેલ છે.

### **૨. ગ્રામ વન ઉછેર**

ગ્રામ પંચાયતો તરફથી ગૌચરની જમીનો ઠરાવ કરીને વન વિભાગને આપવાથી ચાર હેકટરની મર્યાદામાં વૃક્ષ વાવેતર માટે લેવામાં આવે છે.રાજ્યમાં ઠેકઠેકાણે ગ્રામવનો ઉભા થાય અને જમીન સુધારણા થાય તે આશયથી ગ્રામ વન ઉછેરવાની યોજના શરુ કરી છે. સિંચાઈની સગવડ ઉપલબ્ધ હોય ત્યાં ટેકારૂપ સિંચાઈ કરવામાં આવે છે. ૫ વર્ષ સુધી વાવેતરની જાળવણી કર્યા બાદ જે તે ગ્રામ પંચાયતને રક્ષણ અર્થે પરત સોંપવામાં આવે છે. વાવેતર પરિપક્વ થયે ખાતા રાહે કપાણ કરી મળતી ચોખ્ખી આવકના ૭૫ ટકા રકમ ગ્રામ પંચાયતને વિકાસના કામો માટે આપવામાં આવે છે. અને ૨૫% રકમ ગ્રામ પંચાયત અને વન વિભાગના સંયુક્ત ખાતામાં રાખી આ જ વિસ્તારમાં પુનઃ વનીકરણ અર્થે વાપરવામાં આવે છે. વાવેતરમાંથી ઘાસ સ્થાનિક લોકો વિના મુલ્યે લઈ જઈ શકે છે. ગ્રામવન લેવા ઈચ્છુક ગ્રામપંચાયતોએ વાવેતર લેવાના એક વર્ષ અગાઉ ત્રીસ જુન સુધી ઠરાવ કરી આપવાનો રહે છે.



સને ૨૦૧૦-૧૧ થી ગ્રામવન પિયત અને ગ્રામવન બિનપિયત તરીકે નામ આપવામાં આવેલ છે.

### **૩. ખાનગી માલિકી જમીનમાં વૃક્ષ વાવેતર**

આ યોજના હેઠળ નાના અને સિમાંત ખેડૂતોની કસ વગરની જમીનમાં વન વિભાગ દ્વારા વૃક્ષ વાવેતર કરી આપવામાં આવે છે. આ માટે ઈચ્છુક ખેડૂતોએ જે તે વર્ષની ૩૦ જૂન સુધીમાં અરજી મોકલી આપવાની રહે છે. અરજી મંજુર થયાની અરજદારને જાણ થયે લેખિત કરાર કરવાનો રહેશે લાભાર્થીને વાવેતરમાં જીવંત રોપાની ટકાવારીના પ્રમાણમાં વખતોવખત અમલમાં રહેતું વળતર ચુકવવામાં આવે છે. વૃક્ષની ઉપજથી મળતા લાભો ઉપર લાભાર્થીનો સંપૂર્ણ અને અબાધિત હક્ક રહેશે. અગાઉ આ મોડલ આર.ડી.એફ.એલ તરીકે ઓળખાતો હતો.

સને ૨૦૧૦-૧૧ થી મોડલ નું નામ ફોર્મ ફોરેસ્ટ્રી કરવામાં આવેલ છે.

### **૪. પર્યાવરણ વાવેતર**

આ યોજના હેઠળ સ્કુલ, કોલેજ, આશ્રમશાળાઓ, સરકારી સંકુલો અને જાહેર સંસ્થાઓ તેઓની પડતર જમીનમાં વૃક્ષ વાવેતર કરવા ઈચ્છુક હોય અને વૃક્ષોનું પર્યાવરણીય દ્રષ્ટિએ સંવર્ધન કરવા તૈયાર હોય તો વન વિભાગને અરજી આપવાથી એક હેકટરની મર્યાદામાં વૃક્ષ વાવેતર કરી આપવામા આવે છે. જેની ૨ વર્ષ સુધી જાળવણી કરવામાં આવે છે. શરૂઆતથી જ રક્ષણની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહે છે. ઈચ્છુક સંસ્થાઓએ વાવેતરના એક વર્ષ અગાઉ ૩૦ જુન સુધીમાં અરજી આપવાની રહેશે.

### **૫. વિકેન્દ્રિત શાળા કિસાન નર્સરી**

આ યોજના હેઠળ નાના અને સિમાંત ખેડૂતો, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો, જમીન વિહોણા ખેત મજુરો તેમજ શાળાઓ મારફતે રોપ ઉછેરવામાં આવે છે. ઈચ્છુક વ્યક્તિઓ અને શાળાઓએ જે તે વર્ષના ૩૧ ઓગષ્ટ સુધીમાં અરજી કરવાની રહે છે. અરજી મંજુર થયે લેખિત કરાર કરવાનો રહેશે. વખતો વખત અમલમાં રહેલ નાણાંકીય જોગવાઈ મુજબ કરેલ કામગીરીના પ્રમાણમાં લાભાર્થીને હપ્તાવાર સહાય આપવામાં આવે છે.

### **૬. નદી કાંઠે વાવેતર**

ગુજરાત રાજ્યમાં ૨૦૧૧-૧૨મા વધારાનું એક નદીકાંઠાના વાવેતર મોડલનો ઉમેરો કરવામાં આવેલ છે. નદીકાંઠા વિસ્તારમાં વન ખાતા મારફતે વાવેતર કરવામાં આવશે. આ વાવેતરોથી નદીકાંઠાના વિસ્તારની માટીનું ધોવાણ અટકશે, કિનારો વધુ મજબુત બનશે તેમજ વૃક્ષોનું પ્રમાણ વધારી આ પડતર જમીનોમાં વન પેદાશ ઉભી કરવાનો ઉદ્દેશ છે.

### **૭. પી.પી.મોડ**

વર્ષ ૨૦૧૩-૧૪ થી પી.પી.મોડનો મોડલ ઉમેરવામાં આવેલ છે. પી.પી.મોડમાં લોક સહકારની ભાગીદારીથી લોકોની જમીનમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. આમ આ મોડલમાં ૧ હેક્ટરે ૪૦૦ રોપાનું વાવેતર વન વિભાગના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે.

### **૮ ધીમી ગતિથી ઉગતા વૃક્ષોનું વાવેતર**

વર્ષ ૨૦૧૩-૧૪થી ધીમી ગતિથી ઉગતા વૃક્ષોનું વાવેતર લોકોની જમીનમાં કરવાનું મોડલ તૈયાર કરવામાં આવેલ છે. ધીમી ગતિથી ઉગતા વૃક્ષો જેવા કે, આંબા, રાયણ, ખાટી આંબલી જેવા વૃક્ષોનું વાવેતર લોકોની જમીનમાં અને સ્કુલ કોલેજના કમ્પાઉન્ડમાં કરી આપવામાં આવે છે. આમાં લોકો દ્વારા દસ વૃક્ષોએ એક યુનિટ અને સ્કુલ-કોલેજના વીસ વૃક્ષોએ એક યુનિટ મુજબ વાવેતર કરવામાં આવે છે.

### **૯. ખાસ અંગભૂત યોજના**

આ યોજના સરકારશ્રીના નવા ૨૦ મુદ્દા કાર્યક્રમને ધ્યાનમાં રાખી અનુસુચિત જાતિના લોકો માટે બનાવવામાં આવી છે જેથી તેઓનું જીવન સ્તર ઉંચુ આવી શકે. આ યોજના હેઠળ નીચે પ્રમાણે કામગીરી કરવામાં આવે છે.

૧) **કસ વિનાની જમીનમાં વનીકરણ (આર.ડી.એફ.એલ) :** નાના અને સિમાંત ખેડૂતોની પોતાની કસ વિનાની જમીન ઉપર વનીકરણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ એક હેકટરની મર્યાદામાં લાભાર્થી દીઠ ૧૦૦૦ રોપા ખેતરમાં વાવી આપવાની યોજના છે અન તેની માવજત માટે પણ સરકારશ્રી તરફથી ખર્ચ કરવામાં આવે છે. અને ત્યાર પછી જો જીવંત રોપાની ટકાવારી ૫૦% કરતાં વધારે હોય તો પ્રથમ વર્ષે રોપા દીઠ એક રૂપિયાનું વળતર અને બીજા વર્ષે રોપા દીઠ ૫૦ પૈસાનું વળતર આપવાની જોગવાઈ છે.

૨) **કિસાન નર્સરી :** આ યોજનામાં ખેડૂત પોલીથીન બેગમાં રોપા ઉછેરે છે. ખેડૂતોને ઘર આંગણે રોપા મળી રહે તે હેતુથી વન ખાતાએ ખેડૂતોને તેમના ખેતરમાં કિસાન નર્સરીમાં જરૂરી રોપા